અપીલ અરજી નં.૩૯ તા.૧૨–૫–૦૯/૧૦

અરજદારઃ શ્રી રમેશચંદ્ર રમણલાલ મોદી
સામાવાળાઃ ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન

## ફરીયાદની હકીકતઃ–

***વિષય :***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશચંદ્ર રમણલાલ મોદીની આઈ.ડી ક્રમાંક ૩૦૬ તા.૨૭–૧૧–૦૮ ની અરજીથી તા.૧૪–૯–૯૪ ના રોજ દાખલ કરેલ હરકત અરજીનો ચુકાદો આપેલ જેમા (૧)આકારણી રૂા.૨૪૦૦ /–કાયમ રાખવા અંગેના કોઈ કારણો લખેલ નથી જેથી કાયમ રાખવા અંગેના કારણો જણાવવા , (૨) રૂા.૧૮૯૦/– ની આકારણી મંજુર ન કરવાના કોઈ કારણો લખ્યા નથી કે જણાવ્યા નથી તે અંગે માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૨–૫–'૦૯ ની અપીલ અરજી નં.૩૯/૨૦૦૯–૧૦

શ્રી રમેશચંદ્ર રમણલાલ મોદીની આઈ.ડી ક્રમાંક ૩૦૬ તા.૨૭–૧૧–૦૮ ની અરજીથી તા.૧૪–૯–૯૪ ના રોજ દાખલ કરેલ હરકત અરજીનો ચુકાદો આપેલ જેમા આકારણી રૂા.૨૪૦૦ /–કાયમ રાખવા અંગેના કોઈ કારણો લખેલ નથી જેથી કાયમ રાખવા અંગેના કારણો જણાવવા , (૨) રૂા.૧૮૯૦/– ની આકારણી મંજુર ન કરવાના કોઈ કારણો લખ્યા નથી કે જણાવ્યા નથી તે અંગે માહિતી આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનના પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ/૪૦ તા.૨૦–૪–૦૯થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૨–૫–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૮૩ તા.૨૧–૫–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી, રાંદેરઝોન તથા અરજદારને મુળ અરજીની નકલ ફી ભર્યાની પહોંપ અને માહિતી મળ્યા અંગે આધાર પુરાવા રજૂ કરવા અત્રેથી પત્ર પાઠવવામાં આવેલ. જે ના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટઝોન આરટીઆઈ સેલ/૯૪ તા.૨૨–૫–૦૯ થી અરજદારની મૂળ અરજી સદર મિલ્કત નોંધ નં.૦૪૮૩ પૈકી પ્લોટ નં. ૧૦ ટેના નં.૧૭બી–૩૫–૦૧૬૧–૦–૦૦૧ ટી નું વેરાબીલ સને ૧૯૮૮–૮૯, તા.૧–૪–૮૩ થી રૂા.૧૮૯૦ આકારણી ઠરાવનો હુકમ અરજદારની તા.૨૪–૧૦–૯૪ ની હરકત અરજી, રોજનામું,હરકત અરજીનો ચુકાદો, તા.૨૪–૧૦–૯૪ ની અરજદારે બજાવેલ નોટીસ, તા.૨૯–૧૧–૯૪ ના રોજ હરકત અરજી અંગે હાજર રહેવાનો પત્ર,ભાડુ કમીનો રીપોર્ટ, ભાડુઆતની કબ્જા રસીદ, દફતરી ઉતારાની નકલ, રેકવીઝીશન ફોર્મની નકલ, આકારણી ખાસ નોટીસ, સુધારેલ ફોર્મ વિગેરે વિગતો પૂરી પાડેલ છે. અરજદાર તરફથી અપીલ પશ્ચાત તા.૨૧–૫–૦૯ ના પત્રના અનુસંધાને તા.૨૭–૫–૦૯ થી માહિતી પૂરી પાડેલ છે જેમાં વાંધા બાબતે નિયત ફોર્મમાં અરજી કરવાનો જણાવતો પત્ર, સને ૮૮,૮૯ નું વેરાબીલ, તા.૧૫–૧૧–૮૪ ના ચુકાદાની નકલ, મૂળ અરજીની નકલ અને ફી ભર્યાની પહોંચ રજૂ કરેલ તથા મૂળ અપીલ સાથે જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી પત્ર તા.૨૦–૪–૦૯ ની નકલ રજૂ કરેલ.

અરજદારે તા.૨૭–૧૧–૦૮ ની મૂળ અરજીમાં સદર મિલ્કતમાં આશરે ૧૫ વર્ષથી કાયમ મજકુર આકારણી રૂા.૨૪૦૦ રાખવાના કારણો તેમજ રૂા.૧૮૯૦ ની આકારણી મંજૂર ન રાખવાના કારણોની માંગણી કરેલ છે. અરજદારે અપીલમાં આકારણી કાયમ રાખવાના કારણોની વિગત મળેલ નથી તેવી રજૂઆત કરેલ છે. અને ઓર્ડરમાં કારણ આપવા જરૂરી છે તેવી રજૂઆત કરી ફેર સુનાવણીની રજૂઆત પણ કરેલ છે. સદર વિગત જોતાં અરજી પ્રથમ દર્શીય રીતે માહિતી નહીં મળવા સંબંધી જણાતી નથી. પરંતુ અરજદારની મિલ્કતની આકારણી સંબંધે આકારણી એપેલેટ અધિકારીએ આપેલ ચુકાદાની ત્રુટિ સંબંધેની રજૂઆત કરેલ જણાય છે. જે કાર્યવાહીમાં રહેલ પારદર્શીતા અને જવાબદારીના અભાવને લગતી જણાય છે.

સદર મિલ્કત બાબતે તા.૧૫–૧૧–૮૪ થી આપેલ ચુકાદામાં વા.ભા.ગો. આકારણી ૧૮૯૦ તા.૧–૪–૮૩ થી ઠરાવવામાં આવેલ છે જે અનુસારનું અરજદારે સને ૧૯૮૮–૮૯ નું બીલ નોંધ નં.૪૮૩ પૈકી પ્લોટ નં.૧૦ ટેના નં. ૧ ૭બી–૩૫–૦૧૬૧–૦–૦૦૧ ટી જેમાં વા.ભા.ગો. આકારણી ૧૮૯૦ દર્શાવેલ છે. ત્યાર બાદ તા.૧–૪–૯૪ થી વા.ભા.ગો. ૨૪૦૦ દાખલ કરવામાં આવેલ છે તેની સામે અરજદારે તા.૨૪–૧૦–૯૪ ના રોજ આકારણી સામે હરકત અરજી કરેલ છે જે અંગે રોજનીશીમાં અરજદાર હાજર રહી " નવી આકારણી જે કરવામાં આવી છે ઈફેકટ ૧૪–૨–૯૪ થી આપવી જોઈએ. આકારણી ૨૪૦૦ કરી છે તેની જગ્યાએ ૧૮૯૦ થી વધારે કરી શકાય નહી. મકાન નં.૧૦ હોલ્ડર લક્ષ્મીબેન ચીમનલાલ જેટલી જ છે જેથી વધારે થવી જોઈએ નહીં." તે આધારે એપેલેટ અરજદારની રૂબરૂ રજૂઆત સાંભળી તેઓની રજૂઆત માન્ય રાખવાને કોઈ કારણ મળતું નથી. કારણકે તેઓ પોતાની રજૂઆત અંગે કોઈ પણ પ્રકારના આધાર ટાંકીને પોતાની રજૂઆત તેમજ સ્થળ સ્થિતિ ધ્યાનમાં લેતાં મ્યુ. દફતરે દાખલ કરવામાં આવેલ આકારણી વાજબી જણાતાં રૂા.૨૪૦૦/– કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે તેવા હરકત અરજીનો ચુકાદો આપેલ છે.

આમ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અપીલ તબકકે પૂરક વિગતોમાં રજૂ થયેલ વિવાદ હેઠળની બાબત હેઠળના કાગળો જોતાં નિયમ સમય મર્યાદા બાદ લગભગ ૪ માસ જેટલા વિલંબથી આકારણી અપીલની કાર્યવાહીને લગતી નકલો સહિતની માહિતી અરજદારને આપ્યાની જણાય છે. અરજદારે મૂળ અરજીથી રૂા.૨૪૦૦/– ની આકારણી કાયમ રાખવા અંગેના કારણોની માહિતી તથા રૂા.૧૮૯૦/– આકારણી મંજુર ન રાખવાના કારણોની માહિતી માંગેલ. પરંતુ અત્રે રજૂ થયેલ હરકત અરજી અંગેનું રોજનામું તથા હરકત અરજીનો ચુકાદો જોતાં તેમાં આવા કોઈ કારણો નોંધાયેલા જણાતા નથી કે હરકત અરજીની સુનાવણી દરમ્યાન અરજદારની આકારણી અપીલ બાબતે અરજદાર પક્ષે રજૂ કરેલ દલીલ અને બચાવ ગ્રાહય નહીં રાખવા માટે કારણો કે વાજબીપણું નોંધવામાં આવેલ જણાતું નથી. જે જાહેર સત્તા મંડળ કક્ષાએ પારદર્શીતા અને સુમાહિતગાર નાગરીકો હોવાના આરટીઆઈના કાયદા હેઠળ ચરિતાર્થ થયેલ ઉદ્દેશનો અભાવ ફલિત કરે છે સાથે સાથે કાયદાની કલમ– ૪(૧)(ડી) હેઠળ કરવામાં આવેલ " અસરકર્તા લોકોને વહીવટી અને અર્ધન્યાયિક નિર્ણયોના કારણો જણાવવાની જોગવાઈનું પાલન નહીં થયાનું સ્પષ્ટ થાય છે જે અરજદારે ઉપસ્થિત કરેલ વિવાદ હેઠળ મિલ્કતની આકારણી બાબતે થયેલ અપીલીય કાર્યવાહીમાં રહેલ ત્રુટિ સામે ન્યાય મેળવવાની અરજદારની રજૂઆત જણાય છે. સમગ્ર હકીકત જોતાં માહિતી નહીં આપ્યાનું કે અપૂરતી આપ્યાનું કે અપૂરતી આપ્યાનો કિસ્સો જણાતો નથી. અરજદાર પણ તેવું પુરવાર કરવામાં સફળ રહેલ નથી. જયાં સુધી માહિતી અધિકાર અધિનિયમ ૨(એફ) અને ૨(જે) હેઠળ અનુક્રમે માહિતી અને માહિતી અધિકાર હેઠળ કરેલ જોગવાઈને સબંધ છે ત્યાં સુધી જાહેર સત્તા મંડળ પાસે અથવા નિયંત્રણ હેઠળની ઉપલબ્ધ દફતરી માહિતી આપવામાનો સમાવેશ થાય છે અને અરજદારને વિલંબથી તે અપાયેલ જણાય છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૭–૧૧–૦૮ ની અરજીથી અરજદારે આકારણી એપેલેટના ચુકાદા સબંધે રજુ કરેલ ત્રુટિ બાબતે રજૂઆત કરેલ છે. તેમની રજૂઆત સબંધે ન હોઈ તે અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી. તેથી અરજી દફતરે કરવામાં આવે છે.

આકારણી અપીલીય કાર્યવાહી બાબતે કાર્યલોપ કે ત્રુટિ અંગેની અરજદારની ફરીયાદ બાબતે અરજદાર સક્ષમ સત્તાધીશને ખાતાકીય રાહે યોગ્ય તે રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૬ –૦૯.

ઈ.ચા. એપેલેટ ઓફિસર
અને ડાયરેકટર ઓફ પ્લાનીંગ
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી રમેશચંદ્ર રમણલાલ મોદી